ગાંધીનગર સમાચાર

બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસની સંલગ્ન સંસ્થાઓમાં

# ઓનલાઈન કલાસરૂમથી ચાલતુ શૈક્ષણિક કાર્ય

ગાંધીનગર,તા. ૧૫

કોવિડ-૧૯ ના મહામારીના અસરથી જયારે સમગ્ર દેશ લોક-ડાઉનની પરિસ્થીતી છે અને દેશની દરેક યુનિવર્સિટી અને કોલેજો બંધ છે ત્યારે બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસની સંલગ્ન સંસ્થાઓ જેવી કે શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ફાર્મસી, લો, સાયન્સ એન્ડ કોમર્સ અને નર્સિંગના અધ્યાપકો દ્વારા ગુગલ કલાસરુમ, zoom કલાસરુમ, એડમોડો, quizzi વગેરેના માધ્યમથી સંસ્થાના વિદ્યાર્થીઓને અવિરત શિક્ષણ કાર્ય માર્ચ મહિનાના છેલ્લા વીકથી કરી રહીયા છે.

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીમાં ઈજનેરી વિદ્યાર્થીઓનુ શિક્ષણ કાર્ય લોક-ડાઉનની પરિસ્થિતિ બગડે નહી તે હેતુ થી કોલતના અધ્યાપકોએ ઓન-લાઈન એસાઈમેંટ, તથા ઓન-લાઈન એપ્લીકેશન ના માધ્યમ થી ઓન-લાઈન લેક્ચર લઈને વિદ્યાર્થીઓ ને સતત શિક્ષણ સાથે જોડી રાખ્યા હતા.આ ઉપરાંત ટેકનોલોજી કોલેજે વિદ્યાર્થીઓની મીડ-સેમિસ્ટર exam પણ ગુગલ ફોર્મના મદદ થી એમ.સી.ક્યુ. ના ફોર્મેટમા લિધિ હતી.


કેમ્પસની બિજી સંસ્થાઓ જેવી કે બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી, લો, સાયન્સ એન્ડ કોમર્સ અને નર્સિંગના અધ્યાપકો પણ સંસ્થાના વિદ્યાર્થીઓને અવિરત શિક્ષણ કાર્ય આપવા અને પુરા કરેલા કોર્સ નુ રિવિઝન કરાવવાના હેતુ થી ઓન-લાઈન એપ્લીકેશનના માધ્યમ થી ઓન-લાઈન લેક્ચર લઈ રહિયા છે.

અધ્યાપકોના ઓન-લાઈન શિક્ષણ આપવાના આ પ્રયાસોને સંસ્થા ના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા અને નીલરાજસિંહ વાઘેલા , ડાયરેકટર પ્રો. રવિકુમાર તથા સમગ્ર કોલેજના આચાર્યશ્રીઓ એ અભિનંદનના સ્વરુપમા બિરદાવ્યા હતા.










નેન(NEN) વાધવાની ફાઉન્ડેશન અને ટાઈ (TiE) અમદાવાદના સહયોગથી

# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા 'સ્વર્ણિમ એનિગ્મા ઈ-રિઝોલ્યુશન'ની પહેલ

ગાંધીનગર, તા. ૧૫

એનિગ્મા ઈ-રિઝોલ્યુશન એક ઓનલાઈન ઈવેન્ટ હતી, જેમાં કોવીડ-૧૯ લોકડાઉન દરમિયાન ઉદ્યોગોને થતી વાસ્તવિક સમયની સમસ્યાઓ જેમ કે ઓપરેશન્સ, નિશ્ચિત ખર્ચ જેમ કે કર્મચારીઓ નો પગાર, લોન ના હપ્તા, ભાડે લીધેલ જગ્યાનું ભાડું, ટેક્સ વિગેરે, કેન્સલ થયેલા એક્સપોર્ટ ઓર્ડર્સને લીધે થયેલું નુકશાન,કેશ લિક્વિડિટીનો અભાવ, કાચા માલ નો મર્યાદિત સ્ટોક, મેનપાવર હેન્ડલિંગ, રિએચેબિલીટી, પેમેન્ટ કલેક્ટ થવા માં પડતી મુશ્કેલીઓ અગત્યના પ્રશ્નો નો સામનો કરવો પડી રહ્યો છે તે પ્રશ્નો ને અનોખી રીતે સોલ્વ કરવાની એક પહેલ કરવામાં આવી હતી.





ઈવેન્ટની ઓપનિંગ સેરેમની યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો.કાર્તિક જૈન દ્વારા કરવામાં આવી હતી. તેઓ એ સમર્ગ પાર્ટિસિપન્ટ ને અભિનંદન આપ્યા હતા અને યુનિવર્સિટીના વિઝિન, મિશન અને કાર્યપદ્ધતિ વિષે ચર્ચા કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી એ ભારત ની પહેલી સ્ટાર્ટઅપ યુનિવર્સિટી છે જ્યાં વિદ્યાર્થીઓને રોજિંદા ભણતર ની સાથે સ્ટાર્ટઅપ, ઉદ્યોગસાહસિકતા વિષેનું ભણતર અને પ્રેક્ટિકલ તાલીમ આપી ઉદ્યોગસાહસિક બનાવવા માટે તમામ સપોર્ટ અને વિસ્તૃત માર્ગદર્શન આપે છે.


આ ઈવેન્ટ માં ભાગ લેનાર પાર્ટિસિપન્ટ્સ ના અલગ અલગ ગ્રુપ બનાવવામાં આવશે અને આ પ્રશ્નો ના જવાબ વિવિધ ઈન્ડસ્ટ્રીના નિષ્ણાતોની હાજરી માં પાર્ટિસિપન્ટ્સ ઓનલાઈન માધ્યમથી રજુ કરશે. આ ઈવેન્ટમાં ૫૦૦ થી વધુ પાર્ટિસિપન્ટ્સ એ ઓનલાઈન રેજીસ્ટ્રેશન કરાવ્યું હતું તેમાં વિદ્યાર્થીઓ, ફેકલ્ટી મેમ્બર્સ, કોઓર્ડિનટોર્સ નો સમાવેશ છે. ૨૦ જેટલીઅલગ અલગ ઈન્ડસ્ટ્રી દ્વારા પ્રેક્ટિકલ પ્રોબ્લેમ ને રજુ કરવામાં આવ્યા હતા.

ઈન્ડસ્ટ્રી એક્સપર્ટ તરીકે એનેક્સજી વેન્ચર ના કોફાઉન્ડર તરીકે આશિષ કનુજીઆ, એક્સપર્ટ મેન્ટર તરીકે હેડ - ઈકોસિસ્ટમ ડેવલપમેન્ટ, નેન (NEN) ઈન્ડિયા અને વાધવાની ફાઉન્ડેશન ના શ્રી અંકિત મચ્છર, ડિરેક્ટર- શી એન્ડ વિ - મહિલા ઉદ્યમવૃત્તિ ફાઉન્ડેશનના શ્રીમતી કૃતિ પટેલ, પ્રાદેશિક મેનેજર, વાધવાની ફાઉન્ડેશન અને સ્ટાર્ટઅપ કમ્યુનિટિ ના એક્સપર્ટ સ્વરૂપ પંડયા અને, વિનસ એન્જિનિયરિંગ વર્ક્સના ડિરેક્ટર આનંદ મશરૂવાલા ઉપસ્થિત રહ્યા હતા.

૧૮ ટિમ પહેલા રાઉન્ડ ના ફાઈનલ પીચ માટે સિલેક્ટ થઈ હતી. આ ટીમોએ વેલ્યુ પ્રોપોઝિશન કેનવાસ, બિઝનેસ મોડેલ કેનવાસ, VUCA (વુકા) થિયરી અને સ્ટ્રેટેજિક પ્લાનિંગ જેવા નિષ્ણાંત જુદા જુદા અભિગમો સાથે તેમના સોલ્યુશન્સ પ્રસ્તુત કરવા માટે પોસ્ટર અને પાવર પોઈન્ટ પ્રેસેંટેશન રજુ કર્યા હતા.

વિદ્યાર્થીઓ દ્વારા પૂરા પાડવામાં આવેલ સોલુશન્સ, ખોરાકના પુરવઠા અને પેકેજિંગમાં કોરોના વાયરસના દૂષણને ભળતા કેવી રીતે અટકાવી શકાય, ઉત્પાદનોની ડિલિવરી પ્રક્રિયાઓ કોઈપણ રીતે દૂષિત ન થાય તેની ગોઠવણી કેવી રીતે કરી શકાય વિગેરે અભિગમોમાં ખરેખર અદભુત અને ઈનોવેટિવ હતા. નુકસાનને ટાળવા માટે કાચા માલના જુદા જુદા ઉપયોગ માટે કેવી રીતે રિસાયકલ કરી શકાય છે અને કેવી રીતે મેન પાવર હેન્ડલિંગ સારી રીતે કરી શકાય છે તેમ જ કોઈ ચોક્કસ ઈકો-સિસ્ટમમાં રોકડ પ્રવાહને કેવી રીતે હેન્ડલ કરી શકાય છે તે પણ સોલુશન્સ રજુ કરાયા હતા.




## દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર દ્વારા ઓનલાઈન શિક્ષણ....

સમગ્ર વિશ્વ જયારે કોરોના મહામારીથી ઘેરાયેલ છે, જેના અનુસંધાનમાં ભારત પણ ૨૧ દિવસનું લોકડાઉનનું પાલન કરી રહ્યું છે આવા કપરા સમયમાં વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે એ માટે દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર દ્વારા આચાર્ય અતનુ રથનાં માર્ગદર્શન હેઠળ અને શિક્ષકોના પ્રયત્નથી ધોરણ- ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ત્રીજી એપ્રિલથી રોજથી ઓનલાઈન શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે. આ નવા અભિગમને વાલીઓ અને વિદ્યાર્થીઓનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

### કોરોના મહામારીને લાગતું ફિલ્મી રાગ આધારિત ગીત

(રાગ - (યે મેરા પ્રેમ પત્ર પઢકર કે તુમ નારાજ ના હોના... ફિલ્મ - સંગમ)

યે મેરા ઇ-મેસેજ પઢકર, તુરત ફોલો ઈસે કરના,
કોરોના સે હમે લડના , ઘરો મે હૈ હમે રહેના,
ઘરો મે હૈ હમે રહેના - યે મેરા-ઇ-મેસેજ પઢકર.....
મિશન હૈ લોક ડાઉન કા, મોદીજી હી બતાયા હે ,
મિશન હૈ લોક....
મિટાદેને મહામારી, હમે દુરિયા બરતની હે,
જીતેગે હમ સભી મિલકે, રાહ જગકો દિખાયેગે
રાહ જગકો દિખાયેગે, - યે મેરા-ઇ-મેસેજ પઢકર.....
મિશનકો હે સફલ કરના, ઘરોમે હી જો હે રહેના,
નિભાએ દુરિયા સબસે, ખુશીસે ઘર મે હી રહેકે ,
બચાએ જાન હમ સબકી, ખુશહાલી હે યહી આપની,
ખુશહાલી હે યહી આપની,યે મેરા-ઇ-મેસેજ પઢકર.....
સલામી ભી હમારી હે , વો સારે હેલ્થ વાલો કો,
નમન પુલિસ વાલો કો, સફાઈ કામદારો કો,
જિન્હો ને જાનસે પ્યારી, નિભાઈ હે ફરજ અપની,
નિભાઈ હે ફરજ અપની, યે મેરા-ઇ-મેસેજ પઢકર.....

- જયરામ સોની


### લોકડાઉન

કોરોના વાયરસને ફેલાતો અટકાવવાના ભાગરૂપે અમલી બનેલા લોક ડાઉનનો આજે વીસમો દિવસ હતો, બરાબર પંદર દિવસથી ઘરની કામવાળી તેની કામે આવવાની ઇચ્છા છતાં આવી શકતી ન હતી.....અને ઘરનું બધું જ કામ કચરા પોતુ વાસણ વગેરે ગોરાણીએ જાતે જ કરવું પડતું હતું એટલે ગોરાણીએ ગુસ્સે થઇ એને પંદર દિવસનો પગાર નહિ આપવાનું વિચારેલુ...ને એ વિચાર એમના પતિ તરભાશંકરને પણ જણાવ્યો... તો ગાંરજી બોલ્યા, તે શું લોક ડાઉનમાં કામવાળીના પેટ ઉપર પણ કોઇએ થોડુ લોક મારી દીધું છે ??

- અનંત પટેલ

# એલન કેરિયર ઇન્સ્ટિટ્યૂટ દ્વારા ગુજરાતના વિદ્યાર્થીઓને જુદા જુદા ચેલેન્જ આપીને ઓનલાઇન ભણાવવામાં આવી રહ્યા છે







ગાંધીનગર, તા. ૧૫

લોકડાઉનમાં ભાવિ ડોકટરો અને ઈજનેરોને પણ આ પડકારજનક સમયમાં પણ તક શોધી લીધી છે. અહીં અભ્યાસ કરતા હજારો વિદ્યાર્થીઓએ આ સમયને તક તરીકે લીધો છે અને આ દિવસોમાં વધારે ઉત્સાહપૂર્વક અભ્યાસ કરવામાં વ્યસ્ત છે. એલન કેરિયર ઈન્સ્ટિટયુટના ફેકલ્ટી દ્વારા ઓનલાઈન કલાસીસ, સહાય અને માર્ગદર્શન, આ વિદ્યાર્થીઓ માટે પરીક્ષાની તૈયારી કરતી વખતે ખૂબ મદદરૂપ થઈ રહ્યા છે. એલન કેરિયર ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર નવીન મહેશ્વરીએ જણાવ્યું હતું કે એલન કેરીયર ઈન્સ્ટિટયુટ દ્વારા વિદ્યાર્થીઓને મદદ કરવા માટે ઓનલાઈન કલાસીસ પણ શરૂ કરવામાં આવ્યા છે. વર્ગ ૧૨ (એન્થ્યુસ બેચ), ૧૧ (નર્ચર બેચ ની બેચ શરૂ થઈ ગી છે અને પીએનસીએફ ધો. ૬ થી ૧૦ની બેચ ટૂંક સમયમાં શરૂ થઈ જશે. ઓનલાઈન કલાસ નીટ (યુજી) -૨૦૨૦ માટે ક્રેશ કોર્સ (સ્પાર્ક) ની શરૂઆત પણ કરવામાં આવી છે.

એલન બીપીએમએસ વેબ પોર્ટલ દ્વારા મદદ કરી રહી છે, વિદ્યાર્થીઓને સંપૂર્ણ ૨૪ કલાકની માર્ગદર્શિકા આપવામાં આવી છે, જેમાં નિયમિત રીતે કેટલું ભણવું, તૈયારી કરવી અને ગુણવત્તાના સમય માટે કેટલો સમય વિતાવવો તે અંગેની માર્ગદર્શન આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓની માર્ગદર્શિકા મેળવ્યા બાદ હવે તેઓએ પરીક્ષાની તૈયારી શરૂ કરી દીધી છે. આને તક તરીકે લેતા, અમે નબળાઈઓ દૂર કરી રહ્યા છીએ અને મજબૂત વિષયોને સુધારી રહ્યા છીએ. આ સાથે, એલન દ્વારા એક ઓનલાઈન ીજં શ્રેણી પણ ઉપલબ્ધ કરવામાં આવી છે, જે વિદ્યાર્થીઓને ખૂબ મદદ કરી રહી છે. વિદ્યાર્થીઓ તેમની પોતાની નબળાઈ અને શક્તિનું મૂલ્યાંકન કરી રહ્યા છે. ટોપીક સંબંધિત ડાઉટ્સ માટે વિદ્યાર્થીઓ ફોનના માધ્યમથી ફેકલ્ટી સાથે જોડાયેલા છે. www.onlinetestseries.in

એલન દ્વારા પ્રદાન થયેલ ઓનલાઈન ટેસ્ટ શ્રેણી સાથે કનેકટ થઈ શકે છે. ૨૪ કલાકની દિનચર્યા કેવી રીતે રહેશે તેના કામની વેંહચણી કઈ રીતે કરવી તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી.

- ૭ થી ૮ કલાકની ઊંઘ અવશ્ય લેવી જોઇએ.
- ઉઠી ગયા બાદ એક કલાક યોગ, ધ્યાન અને કસરત માટે સમય આપો.
- આ પછી તૈયાર થઈને અભ્યાસ કરો. ફિઝિક્સ, કેમેસ્ટ્રી,ગણિત, બાયોલોજી ને અલગ સ્લોટમાં વિભાજિત કરો. દરેક વિષયના જુદા જુદા ટોપીકનું શેડ્યૂલ કરીને, દરેક વિષય કે ટોપીકને ઓછામાં ઓછા ત્રણ - ત્રણ કલાક આપો. આમાં પુનરાવર્તન અને વિષય ચર્ચાનો પણ ઉમેરો કરો.
- એક કલાક માટે મનોરંજન પ્રવૃત્તિ કરો. જેમાં તમે ટીવી, ગાયન, સંગીત, પેઈન્ટિંગ, ડાન્સ કે નૃત્ય જોઈ શકો છો.
- તમારા પરિવાર અને મિત્રોને બે કલાકનો સમય આપો. જો દૂર હોય તો ફોન પર વાત કરો, વિડિઓ ચેટ કરો. જો તમે સાથે હોય તો તેમની સાથે વાત કરો. મિત્રો સાથે વાત કરો, તમારા અનુભવો શેર કરો અને હસો અને હસાવો.
- દૈનિક બે કલાક રોજીંદા કામને આપો. જમ્યા બાદ થોડો આરામ કરવો.
- પોઝીટીવ રહીને સમયનો સદ્ઉપયોગ કરો
- પોઝીટીવ બનો, નકારાત્મક અને ભ્રામક સમાચારને માનશો નહીં. જો તમને થોડી ખોટી માહિતી મળે છે, તો તેને વિશ્વસનીય પ્લેટફોર્મ પર પુષ્ટિ કરો.
- તમારા માર્ગદર્શક સાથે જોડાયેલા રહો, તમે કોઈપણ પ્રકારની કોઈપણ સમસ્યા શેર કરી શકો છો.
- પરીક્ષા સમય જેમ કે, ૯.૩૦ થી ૧૨.૩૦ અને બપોરે ૨.૩૦ થી ૫.૩૦ સુધી અભ્યાસ કરો. આ સમયે ટેબલ ખુરશી પર વિતાવો જેથી તમારા મન સમયસૂચકતા દાખવે.
- એક થી બે અઠવાડિયા સુધીમાં પરીક્ષા આપતા રહો જેથી વિષય માટેની નબળાઇ બહાર આવે. મજબૂત વિષયોમાં પુનરાવર્તન કરો, અને નબળા વિષયો માટે તૈયારી કરો.
- વિડિઓ કોલીંગ કરીને શિક્ષકોને પૂછો. તમે વિડિઓ ચેટ દ્વારા મિત્રો સાથે પ્રશ્નોની ચર્ચા કરી શકો છો.

## ડાયરેક્ટ ❤ સે

ખુદને સ્પેશિયલ સમજો કેમ કે... ભગવાન કોઈ પણ વસ્તુને ફાલતુમાં નથી બનાવતા...

## જન્મદિને વધામણી



વનરાજ દિનેશકુમાર રાઠોડ
મો. ૭૪૦૫૫ ૧૭૬૦૬



મમતાબેન મજમુદાર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક